

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પ્રજા પર પ્રભાવ માટે ખાંતાની ખેંચતાણ છે,*
*સગાં-વ્હાલાં નિભાવ માટે ખાતાંની ખેંચતાણ છે.*
*રહે છે હાથમાં ચોટલી બધા મત વિસ્તારની -*
*ખાવાની સરળતા માટે ખાતાંની ખેંચતામ છે.*

### હાઈકુ

*પાડે છે છાપ,*
*પ્રજા પર સત્તાની -*
*હું સરકાર...*

*કુસંપે બાંધ્યું,*
*સંપનું સગઠન -*
*દંભ દોરડે...*

### ચિંતન

*આત્મા વા અરે દ્રષ્ટવ્ય:*
*શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્ય ॥*

ઉપરોક્ત શ્લોક કેનોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

આત્માની ઓળખ આ જીવનમાં જ મેળવી લેવાની છે. જેઓ પ્રમાદ અને આળસમાં જીવન પસાર કરી નાખે છે. તેઓ પોતાનું જ સત્યાનાશ કાઢે છે. આત્માને જાણ્યા વિના મરી જવું એનાથી મોટી કોઈ જ હાનિ નથી. જે પોતાની અંદર પરમ તત્ત્વને પામવાનો પ્રયત્ન કરે છે. તેના જીવન વ્યવહારમાં બહુ જ મોટું પરિવર્તન આવે છે. આવો આત્મજ્ઞાની ભૂતકાળમાં તે પરમ તત્ત્વને જુએ છે અને પછીથી તેના માટે અમરત્વની પ્રાપ્તિ જરાય આઘે રહેતી નથી.

જીવનનો પરમ હેતુ આત્માને ઓળખવાનો છે આપણામાં રહેલું પરમ તત્ત્વને ઓળખવું એ જ દિવ્ય જ્ઞાન.

બાકી તો જીભડી ને તીખાં-તમતમતાં - તૈલી પંજાબી વાનગીના સ્વાદથી ખાવું-પીવું ને સૂઈ જવું એ 'જીવવા' હેતુ નથી. આમ પશુઓ પણ વિચાર્યા વિના જીવે છે.

### સુવિચાર

- જેના 'વખાણ' કરવા હોય, એના 'બેસણા' સુધી રાહ ના જોવાય - **અખંડ આનંદ**
- આત્મા સંકલ્પ-વિકલ્પ કરી શકે જ નહીં, કારણ કે આત્મા નિર્વિકલ્પ છે - **આપ્તસૂત્ર**
- ગાડી તને મળશે એવી આશા રાખ,
  પણ વખતે ગાડીના મળી તો આશા નહોતી એવું રાખ - **દાદા ભગવાન**
- ઈરાદે તો હૈ મંઝિલ કે, પણ ચલના નહીં આતા,
  કહતેં તો બહુત હૈ પર કરના નહીં આતા - **યુસુફ પઠાન**
- ચતુરાઈ એ બુદ્ધિમતા નથી - **યુરિપિડીસ**
- સંપત્તિશાળી તરીકે મરવા માટે અભાવમાં જીવવું એ ચોખ્ખું ગાંડપણ છે - **જુવેનલ**
- આજનું ઔષધ : અનાનસનો તાજો રસ પીવાથી હૃદયને બળ મળે છે તથા પેટની ગરમીમાં તરત રાહત થાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

રાજાએ તેમના કુંવરને તીરંદાજી, તલવારબાજી વગેરે શીખવવા ગુરુ પાસે મોકલ્યો. તાલીમ દરમિયાન ગુરુએ જોયું કે અન્ય શિષ્યોની હાજરી રાજકુમારને વિદ્યામાં પારંગત બનવા માટે અડચણરુપ બનતી હતી. જેથી રાજકુમાર નાસીપાસ થઈ જતો હતો.

ગુરુએ મુંઝવણનું કારણ પૂછ્યું તો રાજકુમારે કહ્યું, 'કંઈક અગમ્ય કારણસર હું વિદ્યા શીખવામાં ધ્યાન કેન્દ્રીત કરી શકતો નથી.' પછી ગુરુ એક સાંજે રાજકુમારને જંગલમાં લઈને ગયા. ત્યાં વહેતા એક ઝરણા પાસે લઈ જઈને ગુરુને કહ્યું, 'આ ઝરણાના માર્ગમાં અનેક નાના-મોટા ખડકો છે, પણ ઝરણું કંઈ નાસીપાસ થઈને ખડક સાથે અથડાઈને વહેતું અટકી જાય છે ? વળી તે ખડક ઉપરથી કે ખડકની પાસેથી માર્ગ કરીને આગળ જ વધતું રહે છે. તમે પણ આ વહેતા પાણી જેવા બની જાઓ. આસપાસના શિષ્યો તરફ તમારું ધ્યાન ન હોય તો તમે પણ તલવારબાજી, તિરંદાજીમાં પારંગત થશો.'

# પાકિસ્તાન સામે અમેરિકા લાલઘૂમ

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાને ઘણાં વર્ષો પછી સમજણ પડી છે કે નાનકડું બગલબચ્ચું એને સતત છેતરતું રહ્યું છે. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે શબ્દો ચર્યા વગર આ કબૂલાત કરી છે. પાકિસ્તાન અઢળક ડૉલરની સહાય લઈને અમેરિકા જેવી મહાસત્તાને મૂર્ખ બનાવતું રહ્યું અને ત્યાર સુધીના રાષ્ટ્રપ્રમુખો પાકિસ્તાનને પોતાનું મિત્ર રાષ્ટ્ર સમજી કરોડો બલકે અબજો ડૉલર પધરાવતું રહ્યું. અફઘાનિસ્તાનમાંથી રશિયા પ્રેરિત ડૉ. નજીબુલ્લા સરકારનું ઉઠમણું કરવા માટે અથવા ભારત અને રશિયાની પ્રસ્થાપિત મૈત્રી સામે ઝીંક ઝીલવા માટે અને છેલ્લે અફઘાનિસ્તાનમાં સરજાયેલ અને દુનિયાભરમાં ફેલાયેલ આતંકવાદનો પ્રતિકાર કરવા માટે વ્યૂહાત્મક રીતે પાકિસ્તાનનો હાથ ઉપર રાખવું જરૂરી હતું. અમેરિકાની અત્યાર સુધીની તમામ સરકારોએ આ કૂટનીતિને અનુસરી પાકિસ્તાનને ભરપૂર મદદ કરી છે. પાકિસ્તાન પણ જાણે અફઘાનિસ્તાનમાં આતંકવાદીઓને ડામવાની જોખમભરી કામગીરી પૂરી નિષ્ઠાથી કરતું હોય એવો દેખાવ કરતું રહ્યું અને અમેરિકા પાસેથી ડૉલર પડાવતું રહ્યું. પરંતુ આતંકવાદીઓને ઝબ્બે કરવાનું તો દૂર, એણે ઊલટાના ઓસામા બિન લાદેન અને તાલેબાની નેતા ઓમર જેવા ખૂંખાર આતંકવાદીઓને પોતાને ત્યાં જ સુરક્ષિત આશ્રય આપી અમેરિકાની આંખોમાં ધૂળ નાખવાનું જ કામ કર્યું. વારંવાર પોતાનો જ દેશ આતંકવાદ ગ્રસ્ત હોવાનાં ગાણાં ગાઈ એણે અમેરિકા તરફથી મળતી આર્થિક મદદ અને ઘાતક હથિયારો ભારતમાં ઘુસણખોરી કરનારા આતંકવાદીઓને સહાય કરવામાં વાપર્યા. કાશ્મીરનો મુદ્દો સળગતો રાખવા માટે એ રીતસરના આતંકી શિબિરો ચલાવતું રહ્યું છે અને નભાવતું રહ્યું છે. પાક આર્મી પદ્ધતિસર કવરિંગ ફાયર કરીને આવા ઘુસણખોરોને એલઓસી ઓળંગવા માટે સક્રિય મદદ કરતી રહી છે. અમેરિકાથી આ બધું અજાણ્યું નહોતું. એની પાસે તો દુનિયાના ખુણેખૂણામાં ચાલી રહેલી શંકાસ્પદ પ્રવૃત્તિનો ચિતાર ઉપલબ્ધ કરાવનારી સેટેલાઈટ ટેકનોલોજી છે. ભારત વારંવાર અમેરિકાના કાન ઉઘાડતું રહ્યું છે, યુનાઈટેડ નેશન્સમાં અને સિક્યુરિટી કાઉન્સિલ સમક્ષ પાકિસ્તાન સામે આતંકવાદીઓને આશ્રય આપતું હોવાના પુરાવા પણ પૂરા પાડતું રહ્યું છે. પરંતુ અમેરિકાએ આ મુદ્દે પાકિસ્તાનને દોષિત ઠેરવવાનું અને ભારતની માગણી મુજબ એને આતંકવાદી દેશ જાહેર કરવાનું સિફતપૂર્વક ટાળ્યું છે. ઊલટાની કાશ્મીર મુદ્દે આડકતરી તરફેણ કરતા રહી પાકિસ્તાનને પ્રોત્સાહન જ પૂરું પાડ્યું છે. પહેલું વહેલું અમેરિકા આતંકવાદ પ્રત્યે એના મૅનહટન વિસ્તારના તોટીંગ ટાવર ઓસમા બિન લાદેનના ઈશારે આતંકી હુમલામાં ધરાશાયી થયા ત્યારે સફાળુ જાગ્યું. ઓબામા માટે ઓસામાને જીવતો કે મૂએલો પકડવો એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો કારણ કે ઓસામા ઈસ્લામિક આતંકવાદનો મુખ્ય ખલનાયક હતો અને ઓબામાના પિતા મુસલમાન હોઈ એમના નામમાં પણ 'હુસેન' જેવું લટકણિયું લાગેલું હતું. બરાક હુસેન ઓબામાએ લાદેનનો ઘડાલાડવો કરાવ્યો ત્યારે પાકિસ્તાન ઊંઘતું ઝડપાઈ ગયું હતું. ઓસામા બિન લાદેલન પાક આર્મીની જ સુરક્ષિત કોલોનીમાં રહેતો હતો. એમ તો ભારતનો નંબર વન દુશ્મન દાઉદ ઈબ્રાહીમ પણ પાકિસ્તાનમાં જ વટથી રહે છે, પણ ભારત એનો વાળ વાંકો કરી શકે તેમ નથી. ઊલટાના આપણા નેતાઓ પાકિસ્તાનના નેતાઓ સાથે દોસ્તીના દાવ ખેલતા રહ્યા છે. હાફિઝ સઈધ જેવા આતંકી આકાને નજરકેદ કરવાનું નાટક કરી પાકિસ્તાને પાછો બાઈજ્જત છોડી દીધો છે. રોજેરોજ સરહદ પારથી હુમલા અને છમકલાં થતા રહે છે અને આપણા સૈનિકો વધેરાતા રહે છે. અમેરિકાએ પાકિસ્તાન સામે લાલ આંખ કરી છે તેથી પાકિસ્તાના અટકચાળ છોડી દે એ વાતમાં માલ નથી. એને મદદ કરવા ચીની ડ્રેગન તૈયાર જ બેઠું છે. જો ટ્રમ્પ ખરેખર પાકિસ્તાનને પાઠ ભણાવવા માગતા હોય તો એણે ભારત સાથ હાથ મિલાવવા ઉપરાંત ચીનને પણ પાકિસ્તાન તરફી વધુ પડતો પ્રેમ દાખવતાં રોકવાની જરૂર છે. આજે વિશ્વની બે સમાંતર સત્તાઓ - અમેરિકા અને ચીન સંયુક્તપણે પાકિસ્તાનને સહાય કરવાનું બંધ કરે તો એની સાન આપોઆપ ઠેકાણે આવી શકે એમ છે. પરંતુ ચીન આ મુદ્દે ક્યારેય સહમત થશે ખરું ? ખરી સમસ્યા તો આ છે.

# આખરે જુસ્સા સામે અનુભવ જીત્યો



નવાં કલેવર
નટવર હેડાઉ

નીતિન અને વિજય એકબીજાના સારા મિત્રો હતા. પરંતુ નીતિન ને વિજયની ખુબ ઈર્ષા થતી. તે હંમેશા તેનાથી જલતો. બંને શાળામાં અને કૉલેજમાં એક જ જગ્યાએ સાથે સાથે ભણ્યા. અને બંને એક જ જગ્યાએ નોકરી કરવા લાગ્યા. નોકરીમાં પણ એ જ હાલત નથી. જેવું સ્કૂલ અને કૉલેજમાં થતું. બંને રમતમાં મહારથી હતા. એકવાર તેમની કંપનીએ એક એવી રમતની સ્પર્ધાનું આયોજન કર્યું જેમાં બંને ને પોતપોતાની રમત માટેની ટીમો બનાવવાની હતી. અને તે બંનેની ટીમો વચ્ચે જબરજસ્ત મુકાબતો થવાનો હતો. બંને જોરદાર તૈયારીઓમાં લાગી ગયા. વિજય આ વખતે જીતવા માટે કંઈ પણ કરવા તૈયાર હતો. તેથી તેણે પોતાની ટીમમાં ખાસ ચકાસી ચકાસીને એવા ખેલાડીઓ રાખ્યા જે રમતમાં કુશળ હોય. તો બીજી તરફ નીતિને જાણી જોઈને એવા ખેલાડીઓને ટીમમાં લીધા હતા જે કેટલાય વર્ષોથી રમતમાં રમ્યા જ ન હતા. તે બધા ખેલાડીઓ ખુબ ઉંમરલાયક પણ હતા. થાકી ગયેલા હોય એવા લાગતા હતા. કંપનીમાં તેમની કોઈ કદર નહોતી. વિજયે પોતાની અડધી જીતતો તેમાં જ માની લીધી હતી. બાકી અડધી જીત માટે તે પોતાની ટીમના ખેલાડીઓને દિલ્હીના કોચ પાસે કોચીંગ કરાવી રહ્યો હતો.

તો આ તરફ નીતિન રોજ પોતાની ટીમના ખેલાડીને કયાંક બહાર લઈ જઈ ખવડાવતો - પીવડાવતો કયારેક સિનેમા બતાવતો કે કયાંક ફરવા લઈ જતો હતો.

જયારે સ્પર્ધાનો દિવસ નજીક આવવા લાગ્યો ત્યારે નીતિનની ટીમના એક ખેલાડીએ તેને પૂછ્યું, 'શું તમે અમને ટ્રેનિંગ નહીં આપો ?' તમને અમને ટીમમાં લઈને કદાચ મોટી ભૂલ કરી છે.

નીતિને જવાબ આપ્યો. તમે બધા મારી અને આપણી ટીમી જીત માટે વિચારો છો એ જ મારા માટે મોટી વાત છે. તમારી પાસે જેટલો અનુભવ છે તે બીજા કોઈ પાસે નથી. મને અને કંપનીને તમારા પર ભરોસો છે. તમે જેમ કહો તેમ આપણે ટ્રેનિંગ શરૂ કરીએ.

છેવટે થોડા દિવસમાં નીતિનની ટીમે બરાબર ટ્રેનિંગ લીધી.

ખરેખર સ્પર્ધા અનુભવ અને જુસ્સા વચ્ચે હતી. એક ટીમ પાસે અનુભવ હતો તો બીજા પાસે જુસ્સો.

છેવટે એ દિવસ આવી ગયો જયારે બંનેની ટીમો સામસામે આવી ગઈ. વિજયની ટીમને પ્રોત્સાહિત કરવા માટે જુદા જુદા રાજયોના જાણીતા ખેલાડીઓને ખાસ બોલાવવામાં આવ્યા હતા. તે વિજયની ટીમને યુક્તિ પ્રયુક્તિઓ શીખવાડતા હતા. તે મુજબ વિજયની ટીમ પોતાની જીતના વિશ્વાસ સાથે મેદાનમાં ઉતરી હતી.

નીતિનની ટીમને સ્થાનિક લોકોનો ખુબ સાથ અને સહકાર હતો.

રસાકરી ભરી રમત જામી હતી. તેમાં કોની જીત થશે કે હાર થશે તે નક્કી નહોતું. નીતિનના અનુભવી ખેલાડીઓ છેલ્લી ઘડીએ બાજી મારી ગયા.

વિજયની ટીમ જુસ્સાવાળી હતી. તેમાં દરેક ખેલાડી જોમવંતા હતા તેથી તેમનામાં જીતનો ભરપૂર વિશ્વાસ હતો. પણ વિજયમાં આત્મવિશ્વાસ ન હતો. કોચના ઈશારે વિજયની ટીમ જુસ્સાપૂર્વક દાવ અજમાવતી હતી.

છેવટે અનુભવની જીત થઈ.

# જગતનો રાગ હોય ત્યાં સુધી વિરાગ ન આવે



ગુલમહોર
દિનેશ દેસાઈ

શ્રીજી મહારાજે ભગવાનને સર્વોપરિ માનવા કહ્યું છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે ''જગતના સર્વે કારણનું કારણ હું છું અને દરેક જીવના યોગ અને ક્ષેમનું વહન કરનાર પણ હું જ છું.'' યોગક્ષેમ વહામ્યહમ્. આપણે બધું જ જાણીએ છીએ છતા સંસાર પ્રત્યે સજાગ અને અધ્યાત્મ યા ધર્મ પ્રત્યે અજાણ બનીએ છીએ. ભગવાન કહે છે કે સંસાર પ્રત્યે અજાણપણે વર્તો અને ધર્મ-મોક્ષ માર્ગે જાણપણું કેળવો. પરંતુ આમ બનતું નથી. જેનું એક માત્ર કારણ સંસાર પ્રત્યેનો રાગ છે.

બ્રહ્મસ્વરુપ યોગીજી મહારાજ કહેતા કે ''આપણને સામાન્ય માણસ પ્રત્યે અમથું હેત કે વહાલ થાય અથવા અણગમો થાય એવું નથી બનતું. જેમ કે કોઈ માણસ સભામાં આવે કે ઘરે આવે ત્યારે આપણે બહુ ધ્યાન ન આપીએ. પછી કોઈક વ્યક્તિ એ માણસની ઓળખાણ કરાવે કે પરિચય આપે કે આ માણસ તો બહુ મોટો માણસ છે, અરે, રાષ્ટ્રપતિ છે, તો આપણે સહુ એની આગળપાછળ ગોઠવાઈ જઈએ કે મળવા, વાત કરવા પડાપડી પણ કરીએ. એનું મળવાનું ઠેકાણું વગેરે વિગતો પણ મેળવી લઈએ. હવે રાષ્ટ્રપતિ તો સંપૂર્ણ સન્માન કે ઠાઠમાઠ સાથે જ આવ્યા હોય. પરંતુ માની લો કે એ કોઈ રીતે સાદગીપૂર્ણ રીતે આવ્યા હોય તો આપણે કોઈ એમને ઓળખી ન શકીએ અને એમને સામાન્ય માણસ જ ધારી લઈએ. ભગવાનનું પણ એવું જ છે. ભગવાન જયારે મનુષ્યદેહ ધરીને આ પૃથ્વી ઉપર અવતરણ કરીને વિચરણ કરતા હોય છે ત્યારે તેમના સમયકાળમાં અન્ય લોકો તો એમને સામાન્ય માણસ જેવા માણસ જ ગણીને વ્યવહાર કરતા હોય. કોઈને મન માને નહિ કે આપણી આસપાસ સ્વયં ભગવાન હાજર છે કે બિરાજમાન છે. આ સંજોગોમાં આપણને અન્ય વ્યક્તિ એટલે કે સત્પુરુષ, સાધુ-સંત દ્વારા જ્ઞાન મળે છે કે આ કોઈ સાધારણ મનુષ્ય નથી પરંતુ ભગવાન છે. આમ સત્પુરુષ થકી આપણને ભગવાનના હોવાપણાનું જ્ઞાન અથવા સાચી સમજણની પ્રાપ્તિ થતી હોય છે. સદગુરુ વિના ભગવાનને ઓળખવા મુશ્કેલ છે.''

શ્રીજી મહારાજ કહે છે કે ''મનથી, કર્મથી અને વચનથી ભગવાનને ભજવા. મનથી એટલે ભગવાનમાં નિર્દોષપણું જાણવું કે

> યોગક્ષેમ વહામ્યહમ્ – આપણે બધું જ જાણીએ છીએ છતા સંસાર પ્રત્યે સજાગ અને અધ્યાત્મ યા ધર્મ પ્રત્યે અજાણ બનીએ છીએ. ભગવાન કહે છે કે સંસાર પ્રત્યે અજાણપણે વર્તો અને ધર્મ-મોક્ષ માર્ગે જાણપણું કેળવો. પરંતુ આમ બનતું નથી. જેનું એક માત્ર કારણ સંસાર પ્રત્યેનો રાગ છે.

એમનામાં કોઈ દોષ હોઈ શકે જ નહીં. કર્મથી એટલે કે ભગવાન અને સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તવું. ધર્મના સિદ્ધાંત અને નિયમ મુજબનું જીવન હોવું. વચનથી એટલે કે ભગવાનના ગુણગાન કરવા. કળિયુગમાં કિર્તન-ભક્તિ જ ભગવાનને પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે.''

ભગવાન પ્રત્યે સાચી શ્રદ્ધા અને ભક્તિ હોય તો ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રીતિ ન થાય. રામભક્ત હનુમાનને ભગવાન શ્રીરામ સિવાય બીજે ક્યાંય પ્રીતિ ન થઈ. સીતાજીએ અશોકવાટિકામાં નવલખો હાર આપવા કહ્યું ત્યારે હનુમાનજીએ વિનમ્રતાપૂર્વક ઈનકાર કરતા કહેલું કે ''જેમાં રામ નહીં, તેનું (મારે) કામ નહીં.'' ભગવાન વિના બીજે ક્યાંય પ્રીતિ ન થાય તે જ ખરેખરા ભક્તજન. પ્રેમની અનુભૂતિમાં પણ આ બાબત સમજી શકાય છે. જો તમે કોઈને પ્રેમ કરો છો તો એનામાં ભગવાન જેવી અને જેટલી જ શ્રદ્ધા અને વિશ્વાસ હોય, અન્યથા નહીં.

શ્રીજી મહારાજે વચનામૃત મધ્યના ૨૪માં કહ્યું છે કે ''ભગવાન, ધામ, ભક્તો, શાશ્વત અને અવિનાશી. બાકીનું નાશવંત. તેમાં બંધાવાથી શું?'' દુનિયાની બીજી બધી બાબતોમાં આપણને સુખ મનાય છે અને આથી આપણે સુખ નહીં પરંતુ સુખની ભ્રાન્તિની પાછળ ભમતા રહીએ છીએ. બીજી તરફ સાચું સુખ વેગળુંને વેગળું જ રહી જતું હોય છે. જ્યારે ભગવાનમાં સુખની પ્રાપ્તિનો અહેસાસ થાય કે સુખની સમજણ કેળવાય ત્યારે સમય વહી ગયો હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે ''વેદોમાં મહાવેદ હું છું અને વીરોમાં મહાવીર હું છું.'' જ્યાં સુધી આપણે ભગવાનમાં ''સર્વસ્વ''નો ભાવ ન અનુભવીએ ત્યાં સુધી આપણને પરમતત્વની મહત્તા સમજાતી નથી. ભગવાન આપણામાંના જ એક જેવા વર્તે યાને ભગવાન પણ માણસ વચ્ચે માણસ થઈને જ જીવે છે ત્યાં સુધી એમની મહત્તા સમજાતી નથી. ભગવાનને અને ભગવાનના ઐશ્વર્યને એમના પરમ ભક્ત જ પામી શકે અને ઓળખી શકે. ભક્તિના મહિમાથી ભક્તિ થકી પરમપદને પામવાનો રસ્તો પણ મળે છે અને દિવ્યદૃષ્ટિ પણ પ્રાપ્ત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે બાલકૃષ્ણ તરીકે ગોકુળમાં ઉછર્યા અને સૌ ગોપ-ગોવાળો, ગોપીઓ સાથે બાલસ્વરુપમાં દિવ્ય લીલાઓ કરી ત્યારે એમને એકમાત્ર પ્રિય ભક્ત તરીકે રાધાજીએ જ પૂર્ણ પુરષોત્તમ નારાયણ સ્વરુપે ઓળખ્યા હતા અને પામ્યા હતા તથા એમની મહત્તા સમજી હતી. બીજી તરફ નંદલાલ અને યશોદા મૈયા સિવાય સૌ ગોકુળવાસીઓ માટે તો બાલકૃષ્ણ એક સામાન્ય બાળક જ હતા. કોઈના મનમાં એમના પ્રતિ ભગવદ્ ભાવ નહોતો. ભક્ત થકી જ ભગવાનની ઓળખ થાય અને ભગવાનના પ્રિય ભક્તને ભગવાન પોતાની સાથે જ સ્થાન પણ આપે છે.

જસ્ટ ટ્વીટ:-

''માણસની દરેક પ્રવૃત્તિનો હેતુ પોતાને સુખ મળે એ જ હોય છે પણ સુખ પદાર્થમાં નહિ, મનમાં રહેલું હોય છે.''

–પૂજ્ય ડૉંગરેજી મહારાજ

# ગજબનો ચમત્કાર..!! મારી શુભેચ્છાઓ એવી ફળે, તમે બાવળ વાવો તોય કેરી મળે..!!



Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

વોટ્સએપે જે જ્ઞાન છેલ્લા વર્ષમાં આપ્યું છે, એવું તો કોઈ માઈનોલાલ (એટલે કે અખબાર, ટીવી, નેતા) આપી ના શકે... રોજ સવારે ફ્રેશ ગુલાબ સાથે ગુડ મોર્નિંગ મેસેજ આવે, જાણે ઘરમાં ગુલાબના ફલેવરનો રૂમ ફ્રેશનર છાંટ્યો હોય એમ જ લાગે. સુવિચાર તો એટલા બધાં આવે કે સાલું એમ જ લાગે કે દુનિયા આખી સુધરી ગઈ અને હું જ બાકી રહી ગયો ! 'આજની વાર્તા' પાછી ચાર-પાંચ ગ્રુપમાંથી આવે એટલે મોંઢે થઈ જાય.



ગીત-કવિતા-ગઝલ-શૅર - મુક્તક એકના એક અનેક કવિતાઓ નામે આવે. સરવાળે કેટલાય સજ્જનો સાહિત્ય ક્ષેત્રે હાથ અજમાવતા થઈ ગયા!!

રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ખબરો મફતમાં પુરી પાડનારા સૌનો આભાર જ માનવો રહ્યો. જે વિષયમાં કયારેક ચાંચ નહોતી ડૂબતી આજે એ બધું જ જ્ઞાન મગજમાં ઠાંસી ઠાંસીને ભરાઈ ચૂક્યું છે! ભણવાની ઉંમર વીતી ગઈ હોય એવા નિવૃત્તોના મોબાઈલમાં એમ.બી.એ. કોર્ષ અને ભરતીની જાહેરાતો આવતા એમને હજુ તેઓ કાર્યક્ષમ છે એવો અહેસાસ થાય તો નખમાંય રોગ ના હોય એને પિપળા અને તુલસીના પાન ચાવવાથી થતા મેસેજો પણ વાંચવા પડે, એના ગુણ વાંચીને જ તાજામાજા થઈ જવાય... પત્ની એટલે શું ? એના ગુણ - અવગુણ તો વોટ્સએપે જ સમજાવ્યાં અને એ પછી જ સદ્ગૃહસ્થ બનવાની સાચી સમજણ મળી!

ખોવાઈ ગયેલા સર્ફિફીકેટ અને છોકરા શોધવા માટે તો કેટલા લોકોએ વિનંતી કરી હશે ? કંટાળીને કેટલાકે એકના એક છોકરા બબ્બે વાર ગોતી આપ્યા તો પોતાના સર્ટી આપવાની ઉદારતા બતાવી ! ટ્રેને અકસ્માત અને રોડ અકસ્માતના ફોટા અને પાટાપીંડીથી કયારે ટિન્ચર એટલું ગંધાતું કે સવારે ગુલાબના મેસેજની રાહ જોવી પડતી ! ફિલ્મનો વિરોધ કરીને પદ્માવતી (એટલે દીપીકા પાદુકોણ) એટલી પ્રસિદ્ધ થઈ કે આજે રાણી પદ્માવતીનો ઈતિહાસ રાજા રતનસિંહ અને અલ્લાઉદ્દીન ખીલજી અને જૌહર જાણતા થઈ ગયા!

કોઈ પણ વિષય હોય (ખાસ ક્રિકેટ, ફિલ્મ અને રાજકારણ) લોકો એક્ષપર્ટ કોમેન્ટ આપવા તાકીને જ બેઠા હોય. ટીવી પર ચર્ચા કરતા પ્રણવ રોય કે દીપક ચૌરસિયા તો આ બધા આગળ પાણી ભરે ! વિરાટ કોહલી - અનુષ્કાના લગનના ફોટા લોકો મોજાની અલગ જોડ પણ ગોતી કાઢે! અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી તો હીરો બની છેક વિધાનસભા વિરોધપક્ષમાં બેસી ગયા અને હાર્દિક પટેલે પાટીદારોને લાખ્ખોની મેદનીમાં ભેગી કરી મુરખ બનાવી પોતાના ખિસ્સા ફરી લીધા જેવું જ્ઞાન પણ આ વોટ્સએપે જ આપ્યું !

> જિંદગીનું એક વરસ ઓછું થયું,
> કાલની વાતો ઉપર પોતું થયું.
> મોટો માણસ એક વરસ નાનો થયો,
> નાનું બાળક એક વરસ મોટું થયું!
> - વિજય જાદવ

ખાતો નથી, ખાવા દેતો નથી અને હવે મનગમતા ખાતા પણ દેતો નથી જેવા સુવાક્યો નીતિનભાઈની ડાયરીમાંથી ગોતી લાવ્યા. વારેઘડીયે કવિના મોંઢે અવનવી કવિતા મુકવાનું કાર્ય પમ વોટ્સએપીયા કવિઓએ કરીને ઓરીજીનલ કવિઓને અભડાવવાનું કે (ભડકાવવાનું)કામ પણ કર્યું જ છે... ઈવીએમના અટકચાળા વિશે તો કદાચ હાઈએસ્ટ પોસ્ટ થઈ હશે. મતદાન કરવા એટલા મેસેજ આવ્યા કે એક ભાઈએ તો પાંચેય નખ પર શાહી લગાડવા જીદ કરી ! ચૂંટણીના રિઝલ્ટ બાદ પણ જે તે પક્ષના વિજેતા કે હારેલા નેતા માટે ચોટદાર પૂરક માહિતી વોટ્સએપે પુરી પાડી સૌની આંખો ખોલી છે !!

વોટ્સએપના આ જ્ઞાનકુંડમાં કયારેક દરિયામાંથી મોતી મળે એમ સારું પણ મળી રહે છે. વારંવાર થતાં એકના એક મેસેજમાં મારાં વચ્ચે સારી ઘટના, વાર્તા, કવિતા, કાર્યોની સુવાસ પણ ફેલાતી રહે છે. કયારેક પ્રેરણાત્મક ઘટનાઓ જીવન જીવવાનો અભિગમ બદલવા માટે મદદરૂપ બને ત્યારે 'કરાગ્રે વસતે લક્ષ્મી' સવારે બોલવાની જગ્યાએ વોટ્સએપ દર્શનમ્ વધુ ફાયદાકારક રહે છે. ન્યૂ યર વિશના મારા વચ્ચે એક વાર્તા નવા વર્ષની શરુઆત માટે કામમાં આવે એવી ઈનબોક્સમાંથી પેપરમાં છપાવા લાયક આવી છે...

●●●

એક કમાન્ડર વિશાલ જેટ પાયલોટ હતો. ફાઈટર વિમાનમાં એ કામ કરતો. સરહદે દુશ્મનની ટક્કર વખતે એક મિસાઈલ એના જેટ પર પડી અને એ જાન બચાવવા જેમતેમ કુદી પડ્યો. ખભે બાંધેલી પેરાશુટે એને બચાવી લીધો. એને બહાદુરી માટે અનેક સન્માન અને એવોર્ડ મળ્યા.

પાંચેક વર્ષના અંતર બાદ એ એક રેસ્ટોરન્ટમાં એની પત્ની સાથે જમવા બેઠો હતો. ત્યાં એક બીજા ટેબલ પરથી એક માણસ ઉઠીને આવ્યો, 'તમે કમાન્ડર વિશાલ ને ?' જેટ ફાઈટર ? મરતાં મરતાં બચેલા ?' એક સાથે પ્રશ્નો પૂછ્યા. 'હા, પણ તમે મને કેવી રીતે ઓળખો છો ?' વિશાલે જરા આશ્ચર્યથી પૂછ્યું.

'મેં તમારી પેરેશુટ પૅક કરી હતી.' પેલા માણસે હસીને જવાબ આપ્યો. વિશાળ સાથે શેકહૅન્ડ કરી એ પોતાની ટેબલે જતો રહ્યો.

વિશાળને બહુ આશ્ચર્ય થયું, એને પોતાની જાત પર જરા શરમ પણ આવી. જો એ દિવસે પેરાશુટ ખુલી જ ના હોત તો ? એ કદાચ આજે અત્યારે આ હોટેલમાં જ ના હોત ! આખી ઘટના બાદ એ જીતી ગયો, માન સન્માન, એવોર્ડ મળ્યા ત્યારે એક પણ વખત એને પેરેશુટનો ચમત્કાર કે એને પૅક કરનાર યાદના આવ્યો. ખરેખર તો પેરેસુટ સમયસર ખુલતાં એ દરિયામાં ઉતરી શક્યો હતો અને બચી ગયો હતો !

વિશાલને એ રાત્રે ઊંઘ ના આવી. એ પેલા પેરૅશુટ પૅક કરનાર માણસને યાદ કરાતા ઘસતો હતો. એને નવાઈ લાગતી હતી કે એ કેટલી બધી વખત એ માણસ ને એ વખતે મળ્યો હતો પણ કયારેય 'ગુડ મોર્નિંગ' કે 'થેંક યું' કહ્યું નહોતું, 'કેમ છો?' પણ પૂછ્યું નહોતું. કારણ એ પોતે ફાઈટર પાયલટ હતો જયારે પેલો માણસ માત્ર એક સેફ્ટિ વર્કર હતો!

'મિત્રો, તમારી પેરેશુટ કોણ પૅક કરે છે ?' દરેક વ્યક્તિની રોજની

અનુસંધાન પાના નં. ૭ પર